# ગક્કર સેવા સમાજ,દહેગામ દ્વારા વિશ્વકર્મા જયંતિ સમારોહમાં શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન

ગાંધીનગર, તા.૪

દર વર્ષની જેમ મહા સુદ તેરસના દિવસે ગક્કર સેવા સમાજ,દહેગામ દ્વારા વિશ્વકર્મા જયંતિ સમારોહ તથા વીસમા સમુહ લગ્નોત્સવનું આયોજન ઉત્કંઠેશ્વર મહાદેવ વિશ્વકર્મા મંદિર ખાતે થયેલ જેમા દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ ઉપસ્થિત રહ્યા હતા.

તેમનુ સન્માન સમાજના પ્રમુખ કનુભાઈ બી.ગક્કર તથા સર્વે ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.સમાજની સ્થાપનાથી શરુ કરી આજ સુધીના ભુતપુર્વ અને વર્તમાન તમામ ટ્રસ્ટીઓનુ સન્માન તથા તેજસ્વી તારલાઓનું સન્માન થયુ હતું. શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરી કલસ્ટર,તાલુકા,જીલ્લાના શ્રેષ્ઠ શિક્ષક ઍવોર્ડ વિજેતા,શ્રેષ્ઠ બી.એલ.ઓ.વિશ્વકર્મા રત્ન ઍવોર્ડ-૨૦૨૨, ૫૦ થી વધું ઍવોર્ડ સન્માન મેળવી સમાજનું

ગૌરવ વધારવા બદલ શિક્ષક ધર્મેશકુમાર ડાહ્યાભાઈ ગક્કરનું સન્માન સમાજના પ્રમુખ કનુભાઈ બી.ગક્કર તથા તેમની સમગ્ર ટીમ દ્વારાં કરવામા આવ્યુ હતું.ભોજન સમારંભના દાતા મુખ્ય અતિથિ "સાઈ પરિવાર " ડભોડા હસ્તે નવિનચંદ્ર સાંકળચંદ ગક્કર સમગ્ર પરિવારનું પણ ભવ્ય સન્માન થયું હતું. વિશ્વકર્મા જયંતિની સમગ્ર ઉજવણી શ્રી ગક્કર સેવા સમાજ,દહેગામ દ્વારાં ભવ્યાતિભવ્ય રીતે કરવામાં આવી હતી.

સૃષ્ટિના સર્જનહાર ભગવાન શ્રી વિશ્વકર્મા દાદાની જન્મજયંતિના શુભદીને શ્રી વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા આયોજિત શ્રી વિશ્વકર્મા દાદાના ઓગણીસમાં પાટોત્સવ તથા શ્રી રાંદલ માતાજીના છઠ્ઠા પાટોત્સવમાં સેકટર ૧૨, ગાંધીનગર ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા એ હાજરી આપી હતી. મેયર એ દાદાના દર્શન કરીને સૌની સુખ, સમૃદ્ધિ અને નિરામય આરોગ્ય અર્થે પ્રાર્થના કરી હતી. આ પ્રસંગે ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટે.ચેરમેન જશવંતભાઈ પટેલ, સમાજના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગર જિલ્લા કક્ષાના કેશ કેડિટ કેમ્પમાં ૭૮ જૂથોને રૂ. ૧૧૩ લાખનું ધિરાણ કરાયું

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં જિલ્લા કક્ષાનો કૅશ કેડિટ કેમ્પનું આયોજન જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક બી.કે.પટેલના અધ્યક્ષ સ્થાને સહયોગ સંકુલ ખાતે કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં ગાંધીનગર જિલ્લાના કુલ-૭૮ જૂથોને કુલ- રૂ. ૧૧૩ લાખનું ધિરાણ કરવામાં આવ્યું હતું. ૨૪ બીસી સખીને નિમણુંક પત્ર આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમા લીડ બેંક મેનેજર આદેશ જુનેજા,બેંક ઓફ બરોડા રીજીઓનલ ઓફિસ ના અધિકારી શ્રી પ્રદીપ ઘોઘરા, આરસેટી ડાયરેકટર યુસુફ રંગવાલા , મહિલા અને બાળ વિકાસ અધિકારી જીગર જસાણી, જિલ્લા લાઈવલીહુડ મેનેજર જીતેન પારેખ, જિલ્લા અને તાલુકાનો યોજનાકીય સ્ટાફ તથા મોટી સંખ્યામાં સ્વ-સહાય જૂથોની બહેનો ઉપસ્થિત રહી હતી.

### માણસા તાલુકાના વેડા ગામે

# "પ્રાકૃતિક કૃષિ – બાગાયતી ખેતીનું નવું આયમ" અંતર્ગત ખેડૂતો તાલીમ યોજાઈ

ગાંધીનગર, તા. ૪

"આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી ગાંધીનગર દ્વારા "પ્રાકૃતિક કૃષિ– "બગાયતી ખેતીનું નવુંઆયમ" થીમ પર એક દિવસીય ખેડૂત તાલીમનું આયોજન અરવિંદભાઈ પટેલનું ફાર્મ, પ્રેમપુરા વેડા, તા – માણસા ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ - કમલમ ફળ (ડ્રેગન ફ્રુટ)ના વાવેતર માટે સહાય, નેશનલ મિશન ઓન સસ્ટેનેબલ એગ્રીકલ્ચર (દ્રસ્જીછ) યોજના, ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનું મહત્વ, મિશન મદમાખી કાર્યક્રમ જેવા વિવિધ વિષયો અંગેની માહિતી આપવામાં આવી હતી. જેમાં કુલ ૨૦૮ જેટલા ખેડૂતો હાજર રહી માર્ગદર્શન મેળવ્યું હતું. આ તાલીમમાં મદદનીશ બાગાયત નિયામક શ્રી પ્રેરક ગોંડલિયા દ્વારા બાગાયત પાકોમાં પ્રાકૃતિક ખેતી વિષય પર વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમજ પ્રાકૃતિક ખેતી અપનાવતા આત્મારામ પ્રજાપતિ દ્વારા તેમના અનુભવો પોતાના સ્વમુખે રજૂ કર્યા હતા. રામાભાઈ શંકરભાઈ પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતીનું મહત્વ અને તેની સમજ વિષય માહિતી પૂરી પાડી હતી. દ્રસ્જીછ યોજના અને બાગાયત ખાતાની યોજના વિષય ડૉ. પ્રિયંકા પ્રજાપતિ દ્વારા માહીતી આપવામાં આવી હતી. તેમજ મધમાખી કન્સલટેન્ટ, ગણપતસિંહ વાઘેલા દ્વારા મિશન મધમાખી કાર્યક્રમ અંતર્ગત મદમાખી પાલન થકી ફલીનીકરણમાં વધારા કરી ઉત્પાદનમાં વધારો કરવાની માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન નાયબ બાગાયત નિયામક ડૉ. ફારૂક પંજ માર્ગદર્શન હેઠળ મદદનીશ બાગાયત નિયામક ડૉ. ફારૂક પંજ માર્ગદર્શન હેઠળ મદદનીશ બાગાયત નિયામક પ્રેરક જે. ગોંડલિયા અને બાગાયત અધિકારી, જીલ્લા કક્ષા, ડૉ. પ્રિયંકા પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું.

# નિફ્ટ ખાતે કારીગરો માટે ઈ-કોમર્સ અંગે વર્કશોપનું આયોજન

ગાંધીનગર, તા.૦૪

હસ્તકલા એ કોઈપણ દેશના અમૂર્ત સાંસ્કૃતિક વારસાનો ભાગ છે અને પરંપરાગત કારીગરો પાસે કુશળતા અને જ્ઞાનનો ભંડાર છે. ભારત આવી ઘણી જીવંત અને સમૃદ્ધ હસ્તકલા પરંપરાઓનું ઘર છે. જો કે આધુનિક ઉપભોક્તા ખાસ કરીને યુવા વર્ગ હસ્તકલા અને તેમના વર્ણનોથી દૂર થઈ ગયો છે.

રોગચાળાના સમયગાળાએ બજારને આપણા ઘરોમાં અને આપણી આંગળીના ટેરવે ઓનલાઈન લાવ્યું છે જ્યારે ઘણા કારીગરો તેમના ઉત્પાદનો વેચવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો સક્રિયપણે ઉપયોગ કરી રહ્યા છે, તેમાંથી મોટાભાગના સંગઠિત ડિજિટલ રિટેલનો ભાગ નથી. ગાંધીનગર ખાતેની

નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી દ્વારા તેના કેમ્પસમાં તા. ૬ ફેબ્રુઆરથી ૯ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમિયાન ગુજરાતના કારીગરો માટે ઈ-કોમર્સ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે, જેથી કારીગરો વચ્ચે ઈ-કોમર્સ તરફના અવરોધોને દૂર કરવામાં આવે, જે ઈન્ડેક્સટ-સી દ્વારા પ્રાયોજિત છે. ડિજિટલ હસ્તકલા જગતના કેટલાક અગ્રણી ઉદ્યોગસાહસિકો આ વર્કશોપનો ભાગ બનવા જઈ રહ્યા છે જેમાં ઈટોકીના નીતિન પમનાની, ગાથાના સુમિરન પંડ્યા, કારીગર ક્લિનિકના ડૉ. નિલેશ પ્રિયદર્શી અને અમોનીના મેઘા દાસનો સમાવેશ થાય છે.

# ટીંટોડા ગામમાં શુભ પ્રસંગ નિમિત્તે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

ગાંધીનગર, તા.૦૪

ગ્રામીણ સંસ્કૃતિમાં સહકારનું અનોખું મહત્વ જળવાયેલું હોય છે અને ગામમાં કોઈ પણ અંગત કે જાહેર કામ હોય પછી તે ધાર્મિક ઉત્સવ હોય કે સામાજિક પ્રસંગ, આનંદનો અવસર હોય કે શોકનો બનાવ પરંતુ દરેક સમયે ગામમાં "ઝાઝાં હાથ રળિયામણાં"ની ઉક્તિ અનુસાર ગ્રામજનો એકબીજાને મદદરૂપ થઈને પ્રસંગ પાર પાડતાં હોય છે. ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે બળિયાદેવ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠાનું આયોજન કરવામાં આવ્યું છે અને આવા શુભ પ્રસંગ નિમિત્તે ગામમાં ગંદકીને દૂર કરીને સ્વચ્છતા સાથે ગામને સજાવવાનું નક્કી કરવામાં આવ્યું ત્યારે ગામના હોમગાર્ડ યુનિટના યુવાનો અને ગ્રામ પંચાયત દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરીને આખા ગામની સફાઈ કરવામાં આવી હતી.

શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ શ્રમિકોને રૂ. ૫ માં ભોજન આપવામાં આવે છે. ગાંધીનગર જિલ્લાના ચાર કેન્દ્રો ખાતે આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ એક હજારથી વધુ શ્રમિકો સ્વાસ્થ્યપ્રદ ભોજન મેળવી રહ્યા છે.

# એનસીસીના નવ કેડેટ્સને રાજ્યપાલ દ્વારા 'ગવર્નર મેડલ' અર્પણ

**સફળતા માટે જરૂરી હોય તો તે છે પરિશ્રમ, પરિશ્રમ અને માત્ર પરિશ્રમ : આચાર્ય દેવવ્રત**

ગાંધીનગર, તા. ૪

ગણતંત્ર દિવસ શિબિર-૨૦૨૩ માં ભાગ લેનાર એન.સી.સી. ગુજરાત, દાદરા-નગર હવેલી, દમણ અને દીવના કેડેટ્સના સન્માનમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ રાજભવનમાં 'એટ હોમ' કાર્યક્રમનું આયોજન કર્યું હતું. પ્રશિક્ષણ વર્ષ ૨૦૨૨-૨૩ માં સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ૯ કેડેટ્સનું તેમણે 'ગવર્નર મેડલ' આપીને સન્માન કર્યું હતું. આચાર્ય દેવવ્રતએ એન.સી.સી. કેડેટ્સને સંબોધતાં કહ્યું હતું કે, પરિશ્રમનો કોઈ પર્યાય નથી. ભાગ્ય પણ કર્મનું જ ફળ છે. જીવનમાં સફળતા માટે જરૂરી હોય તો તે છે, પરિશ્રમ.. પરિશ્રમ..અને માત્ર પરિશ્રમ.

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ કહ્યું કે, નિરંતર ગતિ-પ્રગતિ એ જ યુવાનની સાચી ઓળખ છે. એન.સી.સી.ના માધ્યમથી યુવાનો એકતા,અનુશાસન અને રાષ્ટ્ર પ્રતિ સમર્પણભાવથી પ્રગતિ કરી રહ્યા છે. ગણતંત્ર દિવસની પરેડ અને શિબિરમાં ભાગ લઈ આવેલા એન.સી.સી. કેડેટ્સને અભિનંદન આપતાં તેમણે કહ્યું કે, ગણતંત્ર દિવસ શિબિર અને પરેડ માટે પસંદ થવું એ પણ પરિશ્રમનું જ પરિણામ છે. આ શિબિર રાષ્ટ્રીય એકતાનો ભાવ વધુ સુદ્રઢ કરે છે. ભિન્ન-ભિન્ન પ્રાંતમાંથી આવેલા વિદ્યાર્થીઓ સાથે રહેવાથી સંસ્કૃતિ, સભ્યતા અને વ્યવહારના આદાન-પ્રદાનથી ઘણું શીખવા મળે છે. એન.સી.સી.ના યુવાનોને તેમણે સમાજ અને રાષ્ટ્ર માટે સમર્પણ ભાવથી કામ કરતાં કરતાં પ્રગતિ અને ઉન્નતી કરવા શુભકામનાઓ પાઠવી હતી.

એન.સી.સી.ના ૯ કેડેટ્સ; શ્રદ્ધા જાદવ, કેડેટ ઓફિસર અજયરાજસિંહ ઝાલા, કેડેટ કાંક્ષિત ભટ્ટી, કેડેટ સિનિયર અન્ડર ઑફિસર ભૂમિકા જોશી, કેડેટ કેપ્ટન રામ સ્વામી, કેડેટ જિયા ત્રિવેદી, અન્ડર ઓફિસર મૃણમયી વડ્જે, લિડિંગ કેડેટ સેજલ યાદવ અને કેડેટ સાર્જન્ટ ખેવના પરમારને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ 'ગવર્નર મેડલ' પુરસ્કારથી પુરસ્કૃત કર્યા હતા. તેમણે આ અવસરે એન.સી.સી.ની પત્રિકા 'ધી કેડેટ ગુજરાત ૨૦૨૨' નું વિમોચન કર્યું હતું. વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાત એન.સી.સી. માં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર એન.સી.સી. ગ્રુપ હેડ ક્વાર્ટર, રાજકોટને તેમણે ઈન્ટર ગ્રુપ ચેમ્પિયનશિપનો ફ્લેગ અર્પણ કર્યો હતો.સમારોહના આરંભે એન.સી.સી.ના અતિરિક્ત મહાનિદેશક અરવિંદ કપૂરે સ્વાગત ઉદ્બોધનમાં કહ્યું હતું કે, એન.સી.સી.નો કેડેટ એકતા અને અનુશાસનનો એમ્બેસેડર છે. કઠોર તાલીમથી તેઓ શિસ્તબધ્ધ નાગરિક બને છે. તેમણે એન.સી.સી. કેડેટ્સ દ્વારા નિયમિત રીતે નિભાવાતી અનેક સામાજિક જવાબદારીઓની વિગતવાર રૂપરેખા આપી હતી.

## સોમવારે સે. ૩-સી માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૪

માં મેલડી આનંદ ગરબા મંડળ સે. ૩-સી દ્વારા સે. ૩-સી શક્તિચોક મંદિરમાં આનંદનો ગરબો તા. ૬-૨-૨૦૨૩ ને સોમવાર સમય બપોરે ૨ થી ૫ કલાક સુધી આનંદનો ગરબો રાખેલ છે. તો સર્વે ભાવિ-ભક્તોને આનંદના ગરબામાં પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યુ હતુ.

# અડાલજ ત્રિમંદીરે ગાંધીનગર સિટી બસનું સ્ટોપ આપવા માંગ

ગાંધીનગર, તા. ૦૪

ગાંધીનગર જિલ્લાના કેટલાંક ધાર્મિક સ્થળો ખૂબ વિશેષ મહત્વ ધરાવે છે તેમાં અડાલજ ખાતેના ત્રિમંદિરનો પણ સમાવેશ થાય છે. ત્રિમંદિર પ્રત્યે પ્રવર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આસ્થાથી પણ કોઈ અજાણ નથી. જોકે આટલા મહત્વના ધાર્મિક સ્થળ ત્રિમંદિરને ગાંધીનગર સીટી બસ સેવાનું બસ સ્ટોપ મળ્યું નથી અને સીટી બસ સેવાનો લાભ પ્રાપ્ત થવા પામ્યો નથી જેના કારણે અનેક પાટનગરવાસીઓ સહિતના મુલાકાતીઓને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

કુડાસણ વિસ્તારના સ્થાનિક અગ્રણી મનિષ શુકલના જણાવ્યાં અનુસાર "હમણાં ઘણા વખતથી અડાલજ ત્રિમંદીરને રાજ્ય એસટી નિગમની બસો ઉપરાંત એએમટીએસ, બીઆરટીએસ જેવી વિવિધ જાહેર પરિવહન સેવાના સ્ટોપ મળ્યાં છે, જ્યારે ગાંધીનગરથી ચાંદખેડા ચાલતી બસ અડાલજ ત્રિમંદીર ઉભી રહતી નથી." મુસાફિર કરી રહેલ પેસેન્જર્સની ત્રિમંદિરે બસ સ્ટોપેજ કરવાની માંગ ઉઠી છે. તાત્કાલિક બસ સ્ટોપ આપવા વિનંતી કરવામાં આવી છે.

ઓલ ઈન્ડિયા ઈમામ એસોસિયેશન નાં પ્રમુખ મૌલાના મોહમ્મદ સાજીદ રશીદી દ્વારા હિન્દુઓ ના પવિત્ર ધામ અને બાર જ્યોત્લિંગમાંના પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવ પર અભદ્ર ટિપ્પણી કરેલ તેના વિરુદ્ધમાં વિશ્વ હિન્દુ પરિષદ- બાપુનગર જિલ્લા દ્વારા બાપુનગર પોલીસ સ્ટેશન માં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

# પેથાપુરમાં અંધારપટથી નાગરિકોને સતાવતો અકસ્માત અને ચોરીનો ભય..!!

**સ્થાનિક નગરસેવકની વારંવાર રજુઆત છતાં છેલ્લાં ૧૪ દિવસથી સ્ટ્રીટ લાઇટો બંધ હાલતમાં : એજન્સીએ તેના બાકી નાણાં ચુકવાતા ના હોવાનું કહી હાથ અધ્ધર કર્યા : આંદોલનની ચિમકી**

ગાંધીનગર, તા.૦૪

ગાંધીનગરના પેથાપુર વિસ્તારને કેટલીક પાયાની સુવિધાઓ અંગે હજુ પણ નાગરિકો મુશ્કેલીઓનો અનુભવ કરી રહ્યાં છે. આ સમસ્યાઓમાં અત્યારે સ્ટ્રીટ લાઈટો અને બિસ્માર આંતરિક માર્ગો મુખ્ય છે. સમસ્યાઓ અંગે સ્થાનિક અગ્રણીઓ વિવિધ સ્તરે જરૂરી રજુઆતો પણ કરતાં રહે છે. પેથાપુરના મહારાણા પ્રતાપ સર્કલથી બસ સ્ટેન્ડ સુધી અને આસપાસના અન્ય વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો બંધ છે, વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ પગલાં લેવામાં આવતા નથી. ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૨ના નગરસેવક ગજેન્દ્રસિંહ વાઘેલાના જણાવ્યાં અનુસાર "ઉત્તર ઝોનમાં પેથાપુર ખાતે તારીખ.૨૪મી જાન્યુઆરી ૨૦૨૩થી આજ દિન સુધી પેથાપુરના મહારાણા પ્રતાપ સર્કલ પેથાપુર ચોકડીથી બસ સ્ટેન્ડ તથા સોમનાથ સોસાયટી, મુલચંદ પાર્ક બી વિભાગ, સૌજન્ય પાર્ક સોસાયટી, ગઢવીનો ટીંબો, માધવ વિહાર સોસાયટી, પાર્થ સોસાયટી, શક્તિનગર, શાંન્તમ બંગ્લોઝ, પાંજરાપોળ બોર પાસે, પીંપળાફળી વગેરે વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો બંધ છે. અત્યંત ઠંડીની શિયાળાની ઋતુમાં છેલ્લાં ૧૪ દિવસથી સતત બંધ સ્ટ્રીટ લાઈટોના કારણે આ વિસ્તારોમાં અકસ્માત અને ચોરી-ચકારીનો ડર પણ નાગરિકોમાં પ્રસરવા પામ્યો છે. વધુમાં જણાવવાનું કે, આ બાબતે વારંવાર રજુઆત કરવા છતાં તેનો કોઈ ઉકેલ આવતો નથી. સ્ટ્રીટ લાઈટો બંધ હોવાના કારણે અકસમાત તથા ચોરીઓ થવાનો ભય છે. પેથાપુર ખાતે સ્ટ્રીટ લાઈટનું કામ ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઈઈએસએલ એજન્સીને આપવામાં આવ્યું છે જેને આ સમસ્યા અંગે રજુઆત કરતા એજન્સી દ્વારા જવાબ મળે છે કે 'છેલ્લાં ૧ વર્ષથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તેમને નાણાં ચુકવાયાં નથી.' આ સ્થિતિમાં સ્થાનિક નાગરિકો હાલાકી ભોગવી રહ્યાં છે." આ સાથે તેમણે વધુમાં જણાવ્યું હતું કે "આ બાબતે અગામી દિવસોમાં સત્વરે કોઈ ઉકેલ નહીં આવે તો ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં સ્થાનિક લોકો તથા વોર્ડ નં.૨માંથી ચુંટાયેલા પ્રતિનિધિ કોંગ્રેસના કોર્પોરેટર ગજેન્દ્રસિંહ દ્વારા આંદોલન કરવામાં આવશે તો તેની નવાઈ નહીં."

# રખીયાલ જિલ્લાકક્ષાની પશુપાલન તાલિમ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૪

તા. ૩ના રોજ રખીયાલ તા. દહેગામ ખાતે પશુપાલન ખાતા, ગુ.રા. અને પશુપાલન શાખા, જિલ્લા પંચાયત ગાંધીનગરના ઉપક્રમે જિલ્લાકક્ષાની પશુપાલન શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં આજુબાજુના ૧૫ કરતા વધુ ગામોના ૪૩૯ ઉપરાંત પશુપાલક ભાઈઓ તથા બહેનોએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. આ શિબિરમાં મહિલા પશુપાલકો ખુબ જ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ પ્રસંગે ભરતસિંહ ઝાલા ચેરમેન ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉત્પાદન સહકાર અને સિંચાઈ સમિતિ, રાજેન્દ્રસિંહ રાઠોડ ચેરમેન શિક્ષણ સમિતિ જિ.પં. ગાંધીનગર, શિલ્પાબેન તાલુકા સદસ્ય-પીંપળજ, કિરીટભાઈ પટેલ તાલુકા સદસ્ય-જીંડવા, ગૌતમભાઈ તાલુકા સદસ્ય-ખાનપુર, મનુભાઈ તાલુકા સદસ્ય-લવાદ, સરપંચ ફતેસિંહ લાલસિંહ ગ્રા.પં. સગદલપુર, સરપંચ ગ્રા.પં. પીંપળજ અલકાબેન જીતેન્દ્રસિંહ, સરપંચ ગ્રા.પં. જીંડવા રાકેશ પટેલ, સરપંચ ગ્રા.પં. નવાનગર દશરથસિંહ, સરપંચ ગ્રા.પં. સામેત્રી ગોબરસિંહ, સરપંચ ગ્રા.પં. બદપુર વિહાજી, સરપંચ ગ્રા.પં. રખિયાલ નાથુસિંહ અને ઉપ સરપંચ ગ્રા.પં. સામેત્રી શકરાભાઈ તમજ પ્રમુખ, સિનિયર સીટીઝન ક્લબ રખિયાલ કોદરભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહી પ્રેરણા પુરી પાડી હતી.આ શિબિરનું જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. એસ.આઈ. પટેલના માર્ગદર્શન હેઠળ પશુપાલન ટીમ-દહેગામ દ્વારા શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યુ હતુ.